## પાઠ – ૨૧ – કાળ ચક્ર

### વ્યવહાર કાળ : સમયનું માપ

દરેક ધર્મમાં તત્વજ્ઞાનને લગતા અલગ અલગ સવાલના જવાબ આપેલ છે. સામાન્ય રીતે હું કોણ છું ? તેનો જવાબ જૈન દર્શને ૬ દ્રવ્યના આધારે આપેલ છે. જૈન ખગોળશાસ્ત્ર હું કયાં છું ? તેનો જવાબ આપે છે. તે જ રીતે હું કયા સમયમાં છું ? તેનો જવાબ કાળચક્ર દ્વારા જાણવા મળે છે.

### દ્રવ્ય કાળ અને વ્યવહાર કાળ :

જૈન વિચારધારા પ્રમાણે કાળ અથવા સમયને બે રીતે સમજવા જરૂરી છે.

૧)દ્રવ્ય કાળ કે જેને નિશ્ચય કાળ અથવા વાસ્તવિક કાળ પણ કહેવાય છે. જે જીવ અને પુદ્ગલનો પરિવર્તન સહાયક છે. જેમ ધર્માસ્તિકાય ગતિ સહાયક છે અને તે ૧૪ રાજલોકમાં છે.

૨) વ્યવહાર કાળ અથવા સમય કાળ એ સાપેક્ષ શબ્દ છે. એ સમયને માપવાનું માપ છે. આ ગણના એક સમય કે ઘટનાથી શરૂ થાય છે. ધારોકે આપણે કહીએ ઈ.સ. ૨૦૧૮ એટલે ૨૦૧૮ વર્ષ ઈશુના મૃત્યુ પછીના. તેની ગણના સૂર્ય કે ચંદ્રની ગતિના આધારે થાય છે. પરંતુ જૈન ધર્મ પ્રમાણે લોકમાં અનેક સૂર્ય અને ચંદ્રમાં છે (જ્યોતિષ દેવો) જે અઢી દ્વીપના ક્ષેત્રફળમાં ફેલાયેલો છે એટલે જ કાળચક્ર ફક્ત અઢી દ્વીપમાં જ છે.

### કાળની ધારણા – રેખા જેવો કે ચક્ર જેવો :

જૈન ફિલસુફી પણ બીજી ભારતીય સંસ્કૃતિ જેમકે હિંદુ અને બુધ્ધ પરંપરાની જેમ કાળ ચક્રમાં માને છે. જેની શરૂઆત નથી કે અંત નથી અને જે અનંત છે. યહુદી અને ખ્રિસ્તી ધર્મ પ્રમાણે સમય એક સીધી રેખામાં છે, ચક્રમાં નથી. તેનો ઉદ્ભવ ભગવાન દ્વારા કરવામાં આવેલ છે અને દુનિયાના અંત સાથે સમયનો પણ અંત થઈ જશે.

**વ્યવહાર કાળનું વિભાજન :**

| | | |
|---|---|---|
| ૧ સમય | = | અતિસૂક્ષ્મ ન ભાગી શકાય તેવો કાળનો એકમ |
| અસંખ્ય સમય | = | ૧ અવલિકા |
| ૨૫૬ અવલિકા | = | ૧ ક્ષુલ્લક ભવ |
| ૫૮૨૫ અવલિકા | = | ૧ સેકન્ડ |
| ૧,૫૭,૭૭,૨૧૬ અવલિકા | = | ૧ મુર્હત |
| ૪૮ મિનીટ | = | ૨ ઘડી ૧ મુર્હત |
| ૩૦ મુર્હત | = | ૧ અહોરાત્ર (૨૪ કલાક – દિવસ – રાત) |
| ૧૫ દિવસ –રાત | = | ૧ પક્ષ |
| ૨ પક્ષ | = | ૧ મહિનો |
| ૨ મહિના | = | ૧ ઋતુ |
| ૧૨ મહિના | = | ૧ વર્ષ |
| ૮૪ લાખ વર્ષ | = | ૧ પૂર્વાન્ગ |
| ૮૪ લાખ પૂર્વાન્ગ | = | ૧ પૂર્વ |
| ૧ પૂર્વ | = | ૭૦,૫૬,૦૦,૦૦,૦૦,૦૦,૦૦ વર્ષ |
| ૧ યોજન | = | ૮ માઇલ / ૧૨ કીલોમીટર આશરે |

**પલ્યોપમ :** પલ્ય એટલે કુવો અને ઉપમા એટલે સરખામણી.

૧x૧x૧ યોજનનો ખાડો બનાવી, તેમાં ખૂબ ઠાંસી ઠાંસીને નવજાત યુગલીકના અતિ પાતળા વાળ ભરીને એના ઉપર ચક્રવર્તીનું લશ્કર પસાર કરીને સમતલ કરવામાં આવે. પછી દરેક ૧૦૦ વર્ષે તેમાંનો એક વાળ દૂર કરવામાં આવે એમ આખો ખાડો ખાલી કરવામાં જેટલો સમય લાગે તેને એક પલ્યોપમ કહેવામાં આવે છે .

**૧૦ કરોડ x ૧ કરોડ = ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ = ૧ સાગરોપમ**

**૧૦ કરોડ x ૧ કરોડ સાગરોપમ = ૧ અવસર્પિણી કાળ**

**૧૦ કરોડ x ૧ કરોડ સાગરોપમ = ૧ ઉત્સર્પિણી કાળ**

**૨૦ કરોડ x ૧ કરોડ સાગરોપમ = ૧ કાળચક્ર**

**અસંખ્ય કાળ ચક્ર = ૧ પુદ્ગલ પરાવર્તન કાળ**

ભૂત અને ભવિષ્ય અસંખ્ય પુદ્ગલ પરાવર્તન કાળના બનેલા છે. આવો છે કાળનો અકલ્પનીય વિસ્તાર. આમ તિર્થંકર ભગવંતોએ નાનામાં નાનો અને મોટામાં મોટો મહાકાળનો સમય દર્શાવેલ છે.

**જૈન દ્રષ્ટિએ કાળચક્ર અને ૬ આરા :**

જૈન ધર્મ ઐતિહાસિક સમયને ચક્રીય ગણે છે. સમય અનંત છે, અનાદિ છે. જે ઘડિયાળના કાંટા પ્રમાણે વર્તુળમાં ફરે છે અને તે બ સરખા ભાગમાં વહેંચાયેલો છે. પહેલો અડધો કાળ પ્રગતિનો અથવા ઉર્ધ્વકાળ છે જે ઉત્સપિર્ણી કાળ તરીકે જાણીતો છે. બીજો અડધો અધોગતિનો અથવા નીચો જતો કાળ છે જે અવસપિર્ણી કાળ તરીકે જાણીતો છે. ઉત્સપિર્ણી અને અવસપિર્ણી કાળ ૬ અસમાન આરામાં વહેંચાયેલો છે. ઉત્સપિર્ણી કાળના અર્ધચક્ર દરમ્યાન પ્રગતિ, વિકાસ, સુખ, બળ, ઊંમર, શરીર, ધર્મ બધા ખરાબથી સર્વોત્તમ થાય છે. અવસપિર્ણી કાળના અર્ધચક્ર દરમ્યાન પ્રગતિ, વિકાસ, સુખ, બળ, ઊંમર, શરીર, ધર્મ બધા સર્વોત્તમથી ખરાબ કે બદતર થાય છે. હમણાં આપણે અવસપિર્ણી કાળના પાંચમાં આરામાં છીએ. જયારે અવસપિર્ણી કાળ સમાપ્ત થશે ઉત્સપિર્ણી કાળ પાછો શરૂ થશે. કાળચક્ર આવી રીતે નિરંતર ચાલુ જ રહે છે. સામાન્ય રીતે જૈનો દ્વારા આ વિચાર રથના પૈડાની ઉપર અને નીચેની ગતિથી સમજાવાય છે. નીચે તરફની ગતિ અવસપિર્ણી કાળ છે અને ઉપર તરફની ગતિ ઉત્સપિર્ણી કાળ છે. એક પુરુ ચક્ર કલ્પ કહેવાય છે.

બધા તિર્થંકરો ત્રીજા અને ચોથા આરામાં જન્મ લે છે. વર્તમાનમાં આપણે પાંચમાં આરાના અવસપિર્ણી કાળમાં જીવી રહ્યા છીએ. આ દુષમ કાળ છે જેના ૨૧૦૦૦ વર્ષમાંથી ૨૫૦૦ વર્ષ થઈ ગયા છે.

**અવસપિર્ણી કાળના ૬ આરા નીચે પ્રમાણે છે :**

| | | |
|---|---|---|
| ૧ લો આરો | સુષમ સુષમ | ફક્ત સુખ જ સુખ, અતિશય સુખ |
| ૨ જો આરો | સુષમ | સુખ |
| ૩ જો આરો | સુષમ દુષમ | ઘણું સુખ પણ સાથે થોડું દુઃખ |
| ૪ થો આરો | દુષમ સુષમ | ઘણું દુઃખ પણ સાથે થોડું સુખ |
| ૫ મો આરો | દુષમ | દુઃખ |
| ૬ ઠ્ઠો આરો | દુષમ દુષમ | દુઃખ જ દુઃખ |

**૧ લો આરો – સુષમ સુષમઃ**

આ આરો બધા આરામાં ઉત્તમ, સારામાં સારો હોય છે. આ સમય દરમ્યાન ધરતી ઉપર સુંદર ઝાડપાન ઉગે છે, હવામાં મનમોહક મહેક હોય છે, ચારે બાજુ ખુશી–આનંદ પ્રવર્તે છે,મનુષ્ય બરફ જેવા ઉજળા/સફેદ હોય છે, તેમની સુંદર આકૃતિ હોય છે અને બત્રીસ લક્ષણા હોય છે. એ સમય દરમ્યાન કોઈ રોગ કે શોક નથી થતો, નથી કોઈ રાજા કે નથી કોઈ રંક, કોઈ જાતિનો ભેદભાવ નથી હોતો. લોકોનું જીવન આરામ અને આનંદમાં વિતે છે. લોકો પોતાની દરેક જરૂરિયાત અને ઈચ્છા દસ કલ્પવૃક્ષ પાસે જઈને મેળવી શકે છે, સંતોષી શકે છે.

**દસ કલ્પવૃક્ષો નીચે પ્રમાણે છે :**

| | |
|---|---|
| ૧) માતંગ | જે સ્વાસ્થ્ય અને આનંદ ફેલાવે છે. |
| ૨) ભુતંગ | જે સૌંદર્ય આપે છે. |
| ૩) તુર્યંગ | જેના પાંદડા મધૂર સંગીત આપે છે. |
| ૪) દીપશિખા | જે પોતાના તેજથી અંધકારને હટાવે છે. |
| ૫) જ્યોતિરંગા | જે સૂર્ય, અગ્નિ, વિજળીની જેમ પ્રકાશે છે. |
| ૬) ચિત્રંગા | જે મોહક હાર–ગજરા આપે છે. |
| ૭) ચિત્રરસ | જે સ્વાદિષ્ટ અને સુગંધિત ખાદ્ય પદાર્થો આપે છે. |
| ૮)મર્ણીગા | જે રત્નો વગેરે કિમંતી પદાર્થો આપે છે. |
| ૯) ગેહકર | જે આવાસની વ્યવસ્થા કરે છે. |
| ૧૦) અનંગા | જે સુંદર વસ્ત્રો આપે છે. |

**૨ જો આરો – સુષમ :**

બીજા આરામાં પરિસ્થિતિ ૧ લા આરા જેવી જ હોય છે પણ સુખ અને સદ્ગુણો ઓછા થતા જાય છે.

**૩ જો આરો – સુષમ દુષમ :**

ત્રીજા આરામાં હજી ઘણું સુખ હોય છે પણ સુખની માત્રા ઘટતી જાય છે. કલ્પવૃક્ષ હવે દરેક ઈચ્છાની પૂર્તિ નથી કરી શકતા. આ આરાના અંત સમયે, પહેલા તિર્થંકર આદિનાથનો જન્મ રાજયકુળમાં થયો હતો. તેઓ માનવજાતની ઉન્નતિ માટે કૃતનિશ્ચયી હતા. લોકોએ તેમને પોતાના નેતા ગણ્યા હતા. તેમણે જીવન જીવવાની ૬૪ કળા સ્ત્રીઓને અને ૭૨ કળા પુરુષોને શીખવી હતી. તેમના રાજયભિષેક, લગ્નોત્સવ વગેરે શાહી કાર્યક્રમોમાં શક્રેન્દ્ર સહિત ઘણા દેવો પ્રમુખ સ્થાને હાજર રહેતા હતા અને પછી ચોક્કસ સમયે ઈન્દ્ર અને ૯ લોકાંતિક દેવો રાજાને દીક્ષા લેવા માટે કહે છે.

સંસારનો ત્યાગ કરે છે અને દીક્ષા લે છે, તે સમયે ઘણા દાન કરે છે, રોજના ૧૦૦૦ સોનાના સિક્કા એક વર્ષ સુધી દાનમાં આપે છે. દીક્ષા લીધા પછી ઘણી સાધના અને તપ કરે છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. જૈન ધર્મનો પ્રચાર ચારે દિશાઓમાં કરે છે. લોકોને મોક્ષમાર્ગમાં જવા અને નિર્વાણ પ્રાપ્ત કરવા પ્રેરણા આપે છે. પહેલા તિર્થંકરના પુત્ર ભરતનો જન્મ પણ આજ આરામાં થાય છે. ઘણી યુવાન વયમાં તે રાજા બને છે. ઘણી આકરી તપસ્યા, આઠ–આઠ દિવસના ૧૩ વખત ઉપવાસ કરીને ૬ ખંડના રાજયો પર જીત મેળવે છે અને ચક્રવર્તી રાજા બને છે. આમ ત્રીજા આરાના અંતમાં પહેલા તિર્થંકર અને પહેલા ચક્રવર્તી એટલે ૨ શલાખા પુરુષ જન્મ લે છે. તિર્થંકર આદિનાથ પહેલા રાજા, પહેલા સાધુ અને પહેલા તિર્થંકર છે. એમણે જોયું કે ધીરે ધીરે દુઃખ વધતું જશે અને તેથી તેમણે તિર્થ અથવા ધર્મની સ્થાપના આ દારૂણ દુઃખના ઉપાય માટે કરી. આમે તેમના દ્વારા જૈન ધર્મની પરંપરાનો પાયો આ આરામાં રચાયો.

**૪ થો આરો – દુષમ સુષમ :-**

પહેલા તિર્થંકરના નિર્વાણ બાદ ૩ વર્ષ અને ૮ મહિના પછી ૪ થો આરો શરૂ થાય છે. અવસર્પિણી કાળ દરમ્યાન ૬૩ શલાખા પુરુષો જન્મ લે છે. તેમાંના બે ત્રીજા આરામાં જન્મ લે છે અને બાકીના ૬૧ ચોથા આરામાં જન્મ લે છે. આમ કુલ ૬૩ શલાખા પુરુષમાંથી ૬૧ શલાખા પુરુષ જે ચોથા આરામાં જન્મે છે તે ૨૩ તિર્થંકર, ૧૧ ચક્રવર્તિ, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ.

ચોથા આરાને વિશે જન્મેલ હોય, તે પાંચમાં આરામાં મોક્ષે જઈ શકે પરંતુ પાંચમા આરાનો જન્મેલ હોય તે પાંચમાં આરામાં મોક્ષે જાય નહી. જંબુસ્વામીજી મોક્ષ પધાર્યા પછી દશ બોલ વિચ્છેદ (નાશ) ગયા. ૧) કેવળજ્ઞાન ૨) મનઃપર્યવજ્ઞાન ૩) પરમ અવધિજ્ઞાન ૪) યથાખ્યાત ચારિત્ર ૫) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર ૬) પરિહાર વિશુધ્ધ ચારિત્ર ૭) પુલાક લબ્ધિ ૮) ક્ષપક શ્રેણી, ઉપશમ શ્રેણી ૯) આહારક શરીર ૧૦) જિનકલ્પી પણું.

**૬૩ સલાખા પુરુષ :**

| નામ | સંખ્યા | સમય | માતાના સ્વપ્ન | પૂર્નજન્મની ગતિ | લક્ષણ |
|---|---|---|---|---|---|
| તિર્થંકર | ૨૪ | ૧ લા ત્રીજા આરામાં બાકીના ૨૪ ચોથા આરામાં | ૧૪ પ્રકાશિત | સિધ્ધ | તિર્થની સ્થાપના |
| ચક્રવર્તી | ૧૨ | ૧ લા ત્રીજા આરામાં બાકીના ૨૪ ચોથા આરામાં | ૧૪ ઝાંખા | મોક્ષ/નર્ક | ૬ ખંડનું રાજ્ય |
| બળદેવ (રામ, બલરામ) પ્રત્યે | ૯ | ૪ થો આરો | ૪ | મોક્ષ/દેવલોક | પોતાના ભાઈ વાસુદેવ પ્રેમ |
| વાસુદેવ (કૃષ્ણ,લક્ષ્મણ) | ૯ | ૪ થો આરો | ૭ | નર્ક | ૩ ખંડનું રાજ્ય |
| પ્રતિ વાસુદેવ (રાવણ, જરાસંઘ) | ૯ | ૪ થો આરો | ૧ થી ૪ | નર્ક | વાસુદેવ સાથે યુધ્ધ |

છેલ્લા તિર્થંકર મહાવીરે ૪ થા આરાના ૩ વર્ષ અને ૮ ૧/૨ મહિના બાકી હતા ત્યારે મોક્ષ પ્રાપ્ત કર્યું.

**૫ મો આરો – દુષમ :**

વર્તમાનકાળના ૨૪ માં તિર્થંકર ભગવાન મહાવીરનો શાસન કાળ ગણાય છે. આ આરામાં ઘણા ઉતાર–ચઢાવ આવશે. ઉગ્ર ભૌતિકવાદ, અરાજકતા, લડાઇઓ, નીચી જાતિના નોકર ચાકરમાં નૈતિકતાનો અભાવ, મોટા શહેરો ગામડાઓ જેવા થશે, ગામડાઓ સ્મશાન જેવા થશે. જીવનના મૂલ્યો, સિધ્ધાંતો, કુદરતી આફતો, મનુષ્ય દ્વારા કુદરતનો વિનાશ, ધર્મ વિશે ખોટા ખ્યાલ, જ્ઞાનની અવજ્ઞા, દુરાચારીઓની પૂજા વગેરે જોવા મળશે. સાધુ–સાધ્વીઓને ઘણા ઉપસર્ગોનો સામનો કરવો પડશે, દેવો જલદી દર્શન નહી આપે, જૈનોનો વિરોધ વધશે. આવા નકારાત્મક સંજોગોમાં પણ તિર્થંકરની અસર અને મહિમા ટકી રહેશે અને જીવો મૃત્યુ પછી પૂર્નજન્મમાં ૭ મી નરકમાં નહી જાય.

**૬ ઠ્ઠો આરો – દુષમ દુષમ :**

આ આરામાં અતિ તીવ્ર હવામાન રહેશે. દિવસ દરમ્યાન અતિશય ગરમી અને રાત્રિ દરમ્યાન અતિશય ઠંડી હશે. વૈતાઢય પર્વતની ઉતરે અને દક્ષિણે ગંગા અને સિંધુ નદીના કિનારા પર

૭૨ ગુફાઓ જેવા દર હશે જેમાં લોકો રહેશે. અન્ન ખાવાની પ્રબળ ઈચ્છા હશે પણ મળશે નહી. લોકો દિવસ દરમ્યાન માછલી વગેરે દરિયાઈ ખોરાક રેતીમાં દાટી રાખશે જે સૂર્યના તાપથી રંધાશે અને રાત્રે તે ખોરાક ખાઈ શકાશે. અંદરોઅંદર ઝગડાઓ વધશે, સ્ત્રી સન્માન રહેશે નહી, લોકો ખૂબજ ગરીબ, નબળા, ભૂખે મરતા અને રોગી હશે. ૬ વર્ષની છોકરી એકી સાથે ઘણા બાળકોને જન્મ આપશે. લોકો ઘણા પાપ, દુઃખ અને મુશ્કેલીમાં જીવન વિતાવશે. એ સમયમાં મૃત્યુ પછી પૂર્નજન્મ નર્ક અથવા તિર્યંચ ગતિમાં થશે.

આ આરામાં જન્મ લેવાથી બચવા માટે રાત્રિભોજન ત્યાગ અને શુધ્ધ શાકાહારી ભોજન અને જૈન ધર્મના સિધ્ધાંતો અપનાવવા જોઈએ.

**ઉત્સર્પિણી કાળના ૬ આરા :**

આ કાળ દરમ્યાન અવસર્પિણી કાળ કરતા બરાબર ઉલટા પ્રકારની ગતિવિધી હોય છે. એકદમ હીન અવસ્થામાંથી સુધરતી અવસ્થા તરફ વિકાસ થાય છે.

**૧ લો આરો – દુષમ દુષમ :**

૨૧૦૦૦ વર્ષ લાંબો અને લગભગ અવસર્પિણી કાળના ૬ઠ્ઠા આરા જેવો. ફક્ત થોડા ફરક સાથે આયુષ્ય થોડું લાંબુ, જમીનની ફળદ્રુપતામાં સુધારો પરંતુ બધીજ સ્થિતિ પરિસ્થિતીઓમાં સમય જતાં સુધારો થાય.

**૨ જો આરો – દુષમ :**

૨૧૦૦૦ વર્ષ લાંબો, પાંચ જાતના વરસાદથી ગરમી ઓછી થઈ જાય, જમીનની ફળદ્રુપતા વધે, ફળફૂલ અને વનસ્પતિ ઉગે. કોતરોમાં રહેતા મનુષ્યો ફળ-ફૂલ વગેરે ખાઈ શાકાહારી બને. તેમના સ્વભાવમાં ઉગ્રતા ઘટે અને તેમની રીતભાત અવસપિર્ણી કાળના પાંચમાં આરાના લોકો જેવી થાય.

**૩ જો આરો – દુષમ સુષમ :**

સમયની લંબાઈ એક ક્રોડાક્રોડી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા. અવસર્પિણી કાળના ૪ થા આરાની સમાન સ્થિતિ. આરાની શરૂઆત પછી ૩ વર્ષ અને ૮ મહિના પછી નવી ચોવીશીના પહેલા તિર્થંકરનો જન્મ અને ત્યાર પછી પહેલા ચક્રવર્તીનો જન્મ અને એક પછી એક ૨૨ તિર્થંકરો, દસ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવના જન્મ એ રીતે આ આરામાં ૬૧ શલાખા પુરુષોના જન્મ થાય.

**૪ થો આરો – સુષમ સુષમ :**

અવસપિર્ણી કાળના ૩ જા આરા સમાન, સમયની લંબાઈ, ૨ ક્રોડાક્રોડી સાગરોપમની. આ આરાની ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ અને ૮ ૧/૨ મહિના પૂરા થયા બાદ ૨૪ માં તિર્થંકરની અને ત્યારબાદ

**૧૨ માં ચક્રવર્તીની મોક્ષ પ્રાપ્તી, કરોડો વર્ષના સમય વિતવા બાદ કલ્પવૃક્ષ ફરી ઉગશે અને મનુષ્યની ઈચ્છાપૂર્તિ કરશે અને આખરે યુગલિક કાળ શરૂ થવાથી લોકો કામકાજ કરવાનું છોડી દેશે.**

**૫ મો આરો – સુષમ :**

**૩ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ચાલશે. સુખી લોકો, જીવનની સુખ-સુવિધામાં ઘણી ઝડપથી વૃધ્ધિ થશે.**

**૬ ઠ્ઠો આરો – સુષમ સુષમ :**

**સંપૂર્ણ સુખી જીવન, ઉત્સર્પિણી કાળની સમાપ્તિ અને પછી ફરીથી અવસર્પિણી કાળની શરૂઆત થશે. કાળચક્ર આમ જ અનાદિ અનંત ચાલતું જ રહેશે.**

| આરા | યુગલિક | સમય | ઊંચાઈ | આયુષ્ય | ખોરાક | બાળકની સાર સંભાળ | પાંસળી | આખરી ગતિ | કલ્પવૃક્ષ | શલાખા પુરુષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છે | ૪ ક્રોક્રોસા | ૩ ગાઉ | ૩ પલ્યોપમ | ૩ દિવસમાં એક વાર ચણા ના માપ જેટલો | ૪૯ દિવસ | ૨૫૬ | દેવ | ૧૦ | નથી |
| ૨ | છે | ૩ ક્રોક્રોસા | ૨ ગાઉ | ૨ પલ્યોપમ | ૨ દિવસમાં એક વાર બોર ના માપ જેટલો | ૬૪ દિવસ | ૧૨૮ | દેવ | ૧૦ | નથી |
| ૩ | છે | ૨ ક્રોક્રોસા | ૧ ગાઉ | ૧ પલ્યોપમ | ૧ દિવસમાં એક વાર અંત ફળ જેટલો | ૭૯ દિવસ | ૬૪ | ૪ ગતિ અને મોક્ષ | ૧૦ | ૨ |
| ૪ | નથી | ૧ ક્રોક્રોસા માં ૪૨૦૦૦ વર્ષ ઓછા | ૫૦૦ ધનુષ | ૧ ક્રોડ પૂર્વ | દરરોજ | - | ૩૨ | ૪ ગતિ અને મોક્ષ | નથી | ૬૧ |
| ૫ | નથી | ૨૧૦૦૦ વર્ષ | ૬ ફૂટ ૭ હાથ | ૧૩૦ વર્ષ વધુમાં વધુ | દિવસમાંઘણીવાર (૩-૪કલાકે) | - | ૧૬ | ૪ ગતિ | નથી | નથી |
| ૬ | નથી | ૨૧૦૦૦ વર્ષ | ૨ હાથ | ૨૦ વર્ષ વધુમાં વધુ | માછલા વગેરે (વારંવાર) | - | ૮ | તિર્યંચ અથવા નર્ક | નથી | નથી |